ગુજરાતમાં ૧લી ઑગસ્ટથી રૂપાણી સરકારના પાંચ વર્ષની ઉજવણી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ ગુજરાતમાં મુખ્ય પ્રધાન વિજય રૂપાણી અને નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલ ઓગસ્ટ માસમાં પાંચ વર્ષ પૂર્ણ થવાના છે. આ સરકારના આ પાંચ વરસ આપણી સરકાર સૌના સાથ અને સૌનો વિકાસના ભાગ રૂપે પાંચ વર્ષની ઉજવણી નહીં પરંતુ લોકોની જનભાગીદારી અને ઉપયોગી કાર્યો સેવાઓ વધુ સઘન બનાવીને ગુજરાતના વિકાસની પ્રક્રિયાને આગળ લઈ જવા માટે ૧લી ઓગસ્ટથી ૯ ઓગસ્ટ સુધી વિવિધ કાર્યક્રમો રાજ્યના જુદા જુદા જિલ્લા તાલુકા અને જુદા જુદા વિસ્તારોમાં કાર્યક્રમો કરવામાં આવશે.

ગૃહ રાજ્યપ્રધાન પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે પાંચ વર્ષના શાસનમાં કરેલી યોજનાઓ અને વિકાસની પ્રક્રિયાને આગળ લઈ જવા માટે પાંચ વર્ષની ઉજવણી નહીં પણ વિકાસની કામગીરીને આગળ લઈ જવા માટે કાર્યક્રમો ઉજવાશે. આ દરમિયાન કોરોનાની ગાઈડલાઈન અને સંખ્યાને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમો કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન, નાયબ મુખ્ય પ્રધાન. રાજ્યના પ્રધાનો અને ચેરમેનો, સંસદ સભ્યો, ધારાસભ્યો અને સમાજના આગેવાનોને જોડાશે.

રૂપાણી સરકારના પાંચ વર્ષની ઉજવણીમાં ૧લી ઓગસ્ટ જ્ઞાનશક્તિ સંદર્ભનો કાર્યક્રમ અને ૨જી ઓગસ્ટ સંવેદના દિવસ તરીકે ઉજવાશે, સેવા સેતુના માધ્યમથી ઉજવાશે. ૪થી ઓગસ્ટે મહિલાઓ નારી ગૌરવ દિવસ તરીકે ઉજવાશે. ૫મી ઓગસ્ટે કિસાન સમ્માન દિવસ તરીકે ઉજવાશે, કિસાન સૂર્યોદય સાત પગલાં આકાશમાં યોજનાઓના સંકલન કરીને ઉજવાશે. ૬ઠ્ઠી ઓગસ્ટે યુવાનો જ નવા મૂડીરોકાણ અંગેનો કાર્યક્રમ થશે, જ્યારે ૭મી ઓગસ્ટે વિકાસ દિવસ તરીકે ઉજવાશે, કરેલા કામો અને કરવાનાં કામો, ૮મી ઓગસ્ટે જનસુખાકારી દિવસ તરીકે ઉજવાશે અને ૯મીએ વિશ્વ આદિવાસી દિવસ તરીકે ઉજવાય છે, જેમાં આદિવાસી વિસ્તારોમાં તાલુકાઓમાં અને જિલ્લાઓમાં આ કાર્યક્રમો કરવામાં આવશે. ■

ભગવાન દ્વારકાધીશ ગુજરાતને કોરોનામુકત બનાવેઃ રૂપાણીએ રણછોડરાયજીની પૂજા-અર્ચના કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ જગત મંદિર દ્વારકા ખાતે ભગવાન દ્વારકાધીશના દર્શન તથા પૂજા અર્ચના કરી મંદિર ખાતે નવીન ધ્વજારોહણ કર્યું હતું. શારદાપીઠ ખાતે પૂજારીશ્રી અશ્વિનગુરૂ પુરોહિતે મુખ્ય પ્રધાનને ધ્વજાજીની પૂજા વિધિ કરાવી હતી. જયારે શંકરાચાર્યજીના પ્રતિનિધિ તરીકે નારાયણ બ્રહ્મચારીજી મહારાજે મુખ્ય પ્રધાનને આશીર્વચન આપ્યા હતા, ત્યાર બાદ જગતમંદિર ખાતે મહંતશ્રી શાંતિલાલે મુખ્ય પ્રધાનને પૂજન-અર્ચન કરાવ્યું હતું.

ધ્વજારોહણ બાદ મુખ્ય પ્રધાન રૂપાણીએ જણાવ્યું હતું કે, થોડા દિવસ પહેલા ધ્વજા પર વિજળી પડી ત્યારે જ ભગવાન દ્વારકાધિશજીને નવીન ધ્વજા ચડાવવાનો સંકલ્પ કર્યો હતો. ભગવાન દ્વારકાધીશના આશીર્વાદથી ગુજરાત કોરોનામુકત બને, ભગવાન ખૂબ સારો વરસાદ આપે અને આવનારા દિવસોમાં ગુજરાત ખૂબ સુખી સંપન્ન બને તેવી પ્રાર્થના કરી છે. રૂપાણીએ પ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકા ખાતે અંજલિબહેન રૂપાણી સાથે ભગવાન દ્વારકાધીશના દર્શન અને ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના કરી હતી. કોરોનાની બીજી લહેર પર નિયંત્રણ મેળવ્યા બાદ વધુ જનહિતનાં કામો કરવાની પ્રભુ શકિત આપે તેમ જ ગુજરાત સતત વિકાસના રાહે આગળ વધતું રહે અને ઉત્તમથી સર્વોત્તમ બને તે માટે ભગવાન દ્વારકાધીશના કૃપા આશિષ વરસતા રહે તેવી અભ્યર્થના પણ તેમણે વ્યકત કરી હતી. ■

ગુજરાતની શાળાઓમાં ધોરણ ૯થી ૧૧ના વર્ગો ૨૬મી જુલાઈથી શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ રાજ્યની શાળાઓમાં ધોરણ ૯ થી ૧૧ના વર્ગોની શાળાઓમાં આગામી તારીખ ૨૬ જુલાઈ ૨૦૨૧- સોમવારથી ફિઝિકલ-ભૌતિક શૈક્ષણિક કાર્ય ફરી શરૂ કરવામાં આવશે. મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કોર કમિટીની આ બેઠકમાં રાજ્યમાં કોરોના સંક્રમણની સ્થિતિ અને ઉત્તરોત્તર ઘટતા જતા કોવિડ કેસોની સંખ્યાને ધ્યાનમાં લઈને શાળા વર્ગો વગેરે રાબેતા મુજબ પૂર્વવત્ કરવા અંગે વિસ્તૃત સમીક્ષા અને ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

શાળા વર્ગોમાં અભ્યાસ માટે આવનારા વિદ્યાર્થીઓએ પોતાના વાલીનુંસંમતિપત્રક પણ લાવવાનું રહેશે. વર્ગો ૫૦ ટકા ક્ષમતા સાથે ફરી શરૂ કરી શકાશે, એટલું જ નહિ વિદ્યાર્થીઓની હાજરી મરજિયાત રાખવામાં આવી છે. આ સાથે ઑનલાઈન એજ્યુકેશન સિસ્ટમ પણ યથાવત્ ચાલુ રાખવામાં આવશે તેવો નિર્ણય પણ કોર કમિટીમાં કરવામાં આવ્યો હતો. ધોરણ ૯ થી ૧૧ના વર્ગો આગામી ૨૬ જુલાઈ ૨૦૨૧થી શાળાઓમાં શરૂ થાય ત્યારે કોરોના સંક્રમણ નિયંત્રણની ગાઈડલાઈન્સનું પાલન થાય તે પણ શિક્ષણ વિભાગે સુનિશ્ચિત કરાવવાનું રહેશે

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે આ અગાઉ તારીખ ૯ જુલાઈથી ઉચ્ચત્તર માધ્યમિક ધોરણ ૧૨ના વર્ગો તેમ જ ડિપ્લોમા-ડિગ્રીના કૉલેજ વર્ગો ૫૦ ટકા કેપેસિટીથી શરૂ કરાવેલા છે. હવે, ધોરણ ૯ થી ૧૧ના શાળા વર્ગો પણ ભૌતિક રીતે આગામી તારીખ ૨૬મી જુલાઈથી શરૂ થશે. ■

ગુજરાતમાં અત્યાર સુધી ૩.૧ કરોડથી વધુ લોકોનું વૅક્સિનેશન

૨૫મી જુલાઈએ ખાસ વૅક્સિનેશન કેમ્પ

ગાંધીનગરઃ રાજયભરમાં અત્યાર સુધીમાં ૩.૧ કરોડથી વધુ નાગરિકોને કોરોનાની રસી આપીને સુરક્ષિત કરી દેવાયા છે અને દરરોજ ત્રણ લાખથી વધુ નાગરિકોને રસી આપવામાં આવે છે. આગામી તા.૨૫ જુલાઈ, ૨૦૨૧ ને રવિવારના રોજ રાજયભરમાં વેપારીઓ-સેવાકીય સંસ્થાઓના કર્મચારીઓ માટે ખાસ વૅક્સિનેશન કેમ્પનું આયોજન કરાયું છે એવું નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે જણાવ્યું હતુ.

તેમણે વધુમાં કહ્યું હતું કે, રાજ્યમાં હાલ તા.૨૨.૦૭.૨૦૨૧ ના રોજ ૧૫ લાખ ૧૮ હજાર ૨૫૦ વૅક્સિનના ડોઝ ઉપલબ્ધ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨ કરોડ ૩૧ લાખ ૫૨ હજાર વ્યક્તિઓને પ્રથમ ડોઝ અને ૭૦ લાખ ૨૨ હજાર ૫૭૧ વ્યક્તિઓને બીજો ડોઝ આમ બંને મળી કુલ ૩ કરોડ ૧ લાખ ૭૪ હજાર ૭૮૯ ને વૅક્સિનના ડોઝ આપી દેવાયા છે. ૧૮ થી ૪૫ વર્ષની વયના ૩ કરોડ ૦૯ લાખ ૬૩ હજાર ૫૮૯ નાગરિકોને ભારત સરકારના સહયોગથી વિનામૂલ્યે વેક્સીન આપવાની થાય છે. તે પૈકી ૯૮ લાખ ૫૯ હજાર ૪૩૨ વ્યક્તિઓને વેક્સીન અપાઇ ચુકી છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતુ કે, વેપારી-હોટલ-સેવાકીય ક્ષેત્રના કર્મચારીઓને ગૃહ વિભાગના જાહેરનામાં અનુસાર તા. ૩૧.૦૭.૨૦૨૧ સુધીમાં વેક્સીન લેવાની જરૂરીયાતને ધ્યાને લઇને વેપારી વર્ગ અને સેવાકીય વર્ગના કર્મચારીઓને તા. ૩૧.૦૭.૨૦૨૧ સુધીમાં રસીકરણ થઇ જાય તે માટે તા.૨૫.૦૭.૨૦૨૧, રવિવારના રોજ સ્પેશ્યલ વૅક્સિનેશન કેમ્પનું ૧૮૦૦ સેન્ટરો ઉપર આયોજન કરાયું છે. ■

ગુજરાતમાં આજથી ભારે વરસાદની શરૂઆત થશેઃ એસડીઆરએફની ૧૧ ટીમ ઍલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના હવામાન વિભાગે ગુજરાતમાં આગામી દિવસોમાં સારા વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, બંગાળની ખાડીમાં આગામી ૨૩મી જુલાઈએ ફરી એક વાર લો પ્રેશર સર્જાશે. જે બાદ ગુજરાતમાં સારો વરસાદ પડી શકે છે. ભારે વરસાદના વર્તારાને પગલે એસડીઆરએફની ૧૧ ટીમોને એલર્ટ કરવામાં આવી છે. રાજ્યના દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડી શકે છે. જ્યારે રાજ્યના ઉત્તર અને મધ્ય ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. તો સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર જોવા મળી શકે છે. આ સિવાય રાજ્યના અનેક વિસ્તારોમાં મધ્યમ વરસાદ જોવા મળશે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ વરસાદની મહેર જોવા મળશે.

ઉત્તર ગુજરાતમાં સામાન્ય હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. આગાહી મુજબ, મહેસાણા, અરવલ્લી, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા સહિતના વિસ્તારોમાં હળવો વરસાદ જોવા મળશે, તો મધ્ય ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. સુરત, નવસારી, ડાંગ અને વલસાડમાં પણ ભારે વરસાદ પડે તેવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે. બંગાળની ખાડીમાં આગામી ૨૩મી જુલાઈએ લો પ્રેશર સર્જાવાને લઈને હવામાન વિભાગે ચાર દિવસ માટે માછીમારોને દરિયો ન ખેડવા માટે પણ સૂચના આપી છે. રાજ્યમાં વરસાદની આગાહીના પગલે એસડીઆરએફની ૧૧ ટીમ ઍલર્ટ મોડ પર રાખવામાં આવી છે. જ્યારે એનડીઆરએફની કુલ ૧૫ ટીમમાંથી ૮ ટીમ ડિપ્લોય કરી દેવામાં આવી છે. જેમાં વલસાડ, સુરત, નવસારી, ગીરસોમનાથ, જૂનાગઢ, કચ્છ, મોરબી ખાતે એક એક ટીમ ડિપ્લોય કરવામાં આવી છે. સાથે જ વડોદરામાં ૬ ટીમ અને ગાંધીનગર ખાતે ૧ ટીમ રિઝર્વ રાખવામાં આવી છે. ■

બગદાણા ખાતે ગુરુપૂર્ણિમાની ઓનલાઇન ઉજવણી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગોહિલવાડના પ્રખ્યાત તીર્થ સ્થળ અને બજરંગદાસ બાપાના ધામ બગદાણા ખાતે આગામી ગુરૂપૂર્ણિમા મહોત્સવની તારીખ ૨૪મી જુલાઇ, ૨૦૨૧, શનિવારના રોજ ઓનલાઇન ઉજવણી કરવામાં આવશે.

ગુરૂઆશ્રમ ખાતે સવારના સવારના ૭.૩૦થી ૯.૩૦ સુધી પૂજાવિધિ અને ધજા પૂજન, ધ્વજારોહણ અને પરંપરાગત ગુરૂ પૂજનના કાર્યક્રમો થશે. ત્યાર બાદ ૯:૩૦થી આરતી, થાળ વગેરે થશે. જેનો ઓનલાઇન દર્શનનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

કોરોના મહામારીના વર્તમાન દિવસો ને લીધે સરકારની ગાઈડલાઈન મુજબ ગુરૂપૂર્ણિમા મહોત્સવના દર્શન તેમજ પૂજનનો લ્હાવો લક્ષ ચેનલ યુ ટ્યુબ ચેનલ, ફેસબૂકના માધ્યમથી જીવંત પ્રસારણ દ્વારા સૌ ભાવિક ભક્તજનોએ ઘરબેઠાં દર્શન પૂજનનો લાભ લેવા જણાવાયું છે. ■



(તસવીરોઃ વિપુલ હિરાણી)

વલસાડના મધુબન ડેમમાંથી પાણી છોડાતા નીચાણવાળા વિસ્તારોમાં ઍલર્ટ

અમદાવાદઃ દક્ષિણ ગુજરાતમાં તાજેતરમાં ભારે વરસાદ પડવાને કારણે વલસાડના મધુબન ડેમમાં પાણીની આવકમાં વધારો થયો છે, જેને કારણે ડેમના ૯ દરવાજા ૪ મીટર ખોલવાની જરૂર પડી હતી. ૨૧ મી જુલાઇની બપોરથી લઇને ૨૨મી જુલાઈએ વહેલી સવારના ૫ વાગ્યા સુધી ડેમમાંથી દર કલાકે ૧ લાખથી વધુ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. ડેમમાંથી પાણી છોડાતાં દમણગંગા નદીમાં ઘોડાપૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. નદીમાં પાણીનો પ્રવાહ વધવાથી નીચાણવાળા વિસ્તારોને ઍલર્ટ કરવામાં આવ્યા છે. દમણના લોકો ભયના માહોલ વચ્ચે આખી રાત જાગ્યા હતા. ગુરુવારે બપોરે ૧૨ વાગ્યાની સ્થિતિ પ્રમાણે ડેમના ૭ દરવાજા ૨ મીટર ખોલાયા છે અને ૫૧ હજાર ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

ઉપરવાસના વરસાદને કારણે મધુબન ડેમની સપાટી રાત્રે ૩ વાગ્યે ૭૩.૭૦ મીટર નોંધાઈ હતી. ડેમના ૯ દરવાજા ખોલી ૧.૪૩ લાખ ક્યુસેક પાણી દમણગંગા નદીમાં છોડવામાં આવ્યું હતું, જેને કારણે દમણ વિસ્તારના નીચાણવાળા વિસ્તારોમાં રાઉન્ડ ધ ક્લોક પોલીસ અને તંત્ર દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું અને પરિસ્થિતિનો તાગ મેળવવામાં આવ્યો હતો. જોકે, સવારે છ વાગ્યાની આસપાસ ડેમની સપાટીમાં થોડો ઘટાડો થયો હતો. ડેમની સપાટી ૭૨.૯૦ની આસપાસ પહોંચી છે. ડેમમાં ૪૩૨૪૭ ક્યુસેક પાણીની આવક છે, જ્યારે ૧.૩૪ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ■

અમદાવાદમાં ક્રાઇમબ્રાન્ચ ઓફિસમાં કોન્સ્ટેબલની હત્યા કરનારા આરોપીને આજીવન કેસની સજા

અમદાવાદઃ શહેરમાં વર્ષ ૨૦૧૬ના રોજ ગાયકવાડ હવેલીમાં આવેલી જડબેસલાક સુરક્ષા વચ્ચે આવેલી ક્રાઇમ બ્રાન્ચમાં પુરાયેલા આરોપી મનીષ બલાઇએ તેની વોચમાં રખાયેલા કોન્સ્ટેબલ ચંદ્રકાન્ત બલાઇની હત્યા કરી હતી. આ કેસમાં આજે સ્થાનિક અદાલતે આરોપીને આજીવન કેદની સજા ફરમાવી હતી. આ કેસની વિગત એવી છે કે, ૨૦મી એપ્રિલ ૨૦૧૬ના રોજ અમદાવાદ ક્રાઈમબ્રાન્ચમાં નાર્કોટિક્સના ગુનામાં મનીષ શ્રવણકુમાર બલાઈને લાવવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીઓ દ્વારા મોડી રાત સુધી ગુના બાબતે મનીષની પૂછપરછ કરવામાં આવી હતી. દરમિયાનમાં મોડી રાત્રે અન્ય પોલીસકર્મીઓ ઘરે ગયા હતા અને ક્રાઇમબ્રાન્ચમાં ફરજ બજાવતા ચંદ્રકાંત મકવાણા આરોપી મનીષની વોચ રાખી રહ્યા હતા. આ દરમિયાન મનીષે ઓફિસમાં રહેલી પાઇપ ઉઠાવી ચંદ્રકાંતભાઇના માથામાં ફટકારી હતી. માથામાં ગંભીર ઇજાઓના કારણે ચન્દ્રકાંતભાઇનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. આરોપી મનીષ ક્રાઇમબ્રાન્ચમાંથી ફરાર થઇ ગયો હતો. વહેલી સવારે પોલીસ કર્મીઓ જ્યારે ઓફિસમાં ગયા ત્યારે ચન્દ્રકાંતભાઇ જમીન પર ઢળેલા જોવા મળ્યા હતા.

આ કેસમાં સેશન્સ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં કોર્ટે ૬ વર્ષ બાદ ચુકાદો આપતા આરોપી મનીષ બલાઈને દોષી જાહેર કરીને આજીવન કેદની સજા ફટકારી હતી. ■

સ્પોર્ટ્સ ન્યૂઝ

ભારતના ૨૦ ઍથ્લેટ ઑલિમ્પિકના ઉદ્ઘાટન સમારોહમાં ભાગ લેશે

ટોક્યોઃ કોરોના રોગચાળાના જોખમને ધ્યાનમાં લઇને ઑલિમ્પિક રમતોત્સવના શુક્રવારના ઉદ્ઘાટન સમારોહમાં ભારતના ૨૦ જેટલા ઍથ્લેટ જ ભાગ લેશે. ઉદ્ઘાટન સમારોહના બીજા દિવસે જે ઍથ્લેટોની સ્પર્ધા છે, તેમને ઉદ્ઘાટન સમારોહમાં ભાગ નહીં લેવાની સૂચના આપવામાં આવી છે. ઇન્ડિયન ઑલિમ્પિક એસોસિયેશનના સેક્રેટરી જનરલ રાજીવ મહેતાએ જણાવ્યું હતું કે, 'ઍથ્લેટો સંક્રમણનો ભોગ બને એવું અમે નથી ઇચ્છતા, તેથી ઑલિમ્પિકના ઉદ્ઘાટન સમારોહમાં દેશના છ અધિકારીઓ અને ઍથ્લેટો મળીને કુલ પચાસ વ્યક્તિ જ ભાગ લેશે.' ઑલિમ્પિક રમતોત્સવમાં ભારતના ૧૨૫થી વધુ ઍથ્લેટે ભાગ લઇ રહ્યા છે. તેમની સાથે કોચ, અન્ય અધિકારીઓ, સપોર્ટ સ્ટાફ અને કોરોના રોગચાળાને ધ્યાનમાં રાખીને અન્ય વૈકલ્પિક ઍથ્લેટો મળીને કુલ ૨૨૮ જણ ટોક્યો ઑલિમ્પિકમાં ગયા છે.

'ઑલિમ્પિકના ઉદ્ઘાટન સમારોહમાં દરેક દેશના માત્ર છ અધિકારીઓને હાજર રહેવાની મંજૂરી આપવામાં આવી છે. જોકે, ઍથ્લેટોની સંખ્યા પર કોઇ નિયંત્રણ નથી પરંતુ જે ઍથ્લેટોની ઉદ્ઘાટન સમારોહના બીજા દિવસે સ્પર્ધા છે તેમને સમારોહમાં હાજર રહેવાને બદલે ગેમની પ્રેક્ટિસમાં ધ્યાન આપવા જણાવવામાં આવ્યું છે,' એમ રાજીવ મહેતાએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

૧૦ ખેલાડી ચેપગ્રસ્ત થયા

ટોક્યોઃ કોરોનાના જોખમ વચ્ચે યોજાઇ રહેલા ટોક્યો ઑલિમ્પિકના કેટલાક રમતવીરો પણ કોરોનાથી સંક્રમિત થતા ઑલિમ્પિક રમતોત્સવમાંથી બહાર થઇ ગયા છે. આ સાથે ઑલિમ્પિકમા કોરોનાના ચેપગ્રસ્ત ખેલાડીઓની સંખ્યા ૧૦ થઇ છે.

ગુરુવારે ઝેકોસ્લોવાકિયાના બીચ વોલીબોલ પ્લેયર માર્કેટા નૌશ અને ડચ ટીકવોન્ડો હોપ રેજ્મી ઓગિન્કે કોરોના માટે સકારાત્મક પરીક્ષણ કરતા આ રમતોત્સવમાંથી બહાર થઇ ગયા હતા. ઝેક રિપબ્લિકના ત્રણ ઍથ્લેટ અને એક કોચે કોરોના માટે સકારાત્મક પરીક્ષણ કર્યું છે. નેધરલેન્ડની ઑલિમ્પિક કમિટીએ એક ટ્વિટમાં ઓગિન્કેની કોરોનાના સકારાત્મક પરીક્ષણની જાહેરાત કરી હતી. (એજન્સી)■

રમતવીરોને પ્રોત્સાહન આપવા રેતીનું શિલ્પઃ પુરીઃ જાણીતા રેતીશિલ્પકાર સુદર્શન પટ્ટનાયકે ટોક્યો ઑલિમ્પિકમાં ભાગ લેવા ગયેલા ભારતીય રમતવીરોને પ્રોત્સાહન આપવા ગુરુવારે પુરીના દરિયાકિનારે રેતીનું શિલ્પ બનાવ્યું હતું. (પીટીઆઇ)

ટોક્યો ઑલિમ્પિકઃ ૨૩ જુલાઇ શુક્રવારે સાંજે ૪.૩૦ કલાકે (ભારતીય સમય) પ્રમાણે ડીડી સ્પોર્ટ્સ પર જીવંત પ્રસારણ સવારે પાંચ વાગ્યાથી સાંજે સાત વાગ્યા સુધી.

ડીડી સ્પોર્ટ્સ પર ટોક્યો ઑલિમ્પિક્સનું જીવંત પ્રસારણ થશે

નવી દિલ્હીઃ દૂરદર્શનની સ્પોર્ટ્સ ચેનલ પરથી ટોક્યો ઑલિમ્પિક્સનું જીવંત પ્રસારણ કરવામાં આવશે અને દૂરદર્શનની અન્ય ચેનલો અને ઑલ ઇન્ડિયા રેડિયો (એઆઇઆર) પરથી આ મેગા આંતરરાષ્ટ્રીય રમતોત્સવ અંગે ખાસ કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવશે.

૨૩ જુલાઇથી ટોક્યો ઑલિમ્પિકનો આરંભ થઇ રહ્યો છે. ડીડી ઉપર, રેડિયો ઉપર અને ડિજિટલ પ્લેટફોર્મ પર ઑલિમ્પિકની પહેલાની અને પછીની ઘટનાઓનું પણ કવરેજ કરવામાં આવશે.

ડીડી સ્પોર્ટ્સ પર સવારે પાંચ વાગ્યાથી સાંજે સાત વાગ્યા સુધી ઑલિમ્પિકની વિવિધ રમતોનું પ્રસારણ કરવામાં આવશે, જેની માહિતી ડીડી સ્પોર્ટ્સ અને એઆઇઆર સ્પોર્ટ્સ ટ્વિટર હેન્ડલ પર દરરોજ મૂકવામાં આવશે. (પીટીઆઇ)■

ઑલિમ્પિકના એક દિવસ અગાઉ ઑપનિંગ સેરેમનીના ડિરેક્ટરને કાઢી મુકાયા

ટોક્યોઃ એક કોમેડી શૉ દરમિયાન ૧૯૯૮માં હૉલોકાસ્ટ વિશે મજાક કરવા બદલ ઑલિમ્પિક શરૂ થવાના એક દિવસ અગાઉ ઑપનિંગ સેરેમનીના ડિરેક્ટરને કાઢી મુકાયાં હતાં.

ઑર્ગેનાઇઝીંગ કમિટીના પ્રમુખ સેઇકો હાશીમોટોએ જણાવ્યું હતું કે ઑપનિંગ સેરેમનીના ડિરેક્ટર કેન્ટારો કોબાયાસીને કાઢી મુકવામાં આવ્યાં છે. પોતાના કૉમેડી શૉમાં હૉલોકાસ્ટ વિશે મજાક કરવાનો અને 'આવો આપણે હૉલોકાસ્ટ રમીએ' એમ કહેવાનો આરોપ છે.

ઑલિમ્પિકના પ્રારંભનાં કાર્યક્રમો શુક્રવારે યોજાશે.

પોતાના સહપાઠીને ધમકાવ્યો હોવાની વાત એક મુલાકાતમાં જાહેર કરવાને કારણે ગત સપ્તાહ દરમિયાન ઑપનીંગ સેરેમનીમાં જે સંગીતકારનું સંગીત વપરાવાનું હતું, એને રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી હતી. (પીટીઆઇ)■

શુભમન ગીલ, અવેશ ખાન બાદ વોશિંગ્ટન સુંદર પણ ટેસ્ટ ટીમથી બહાર

નવી દિલ્હીઃ ઇંગ્લેન્ડના પ્રવાસે ગયેલી ભારતીય ટીમને એક વધુ ઝટકાનો સામનો કરવો પડ્યો હતો. શુભમન ગીલ, અવેશ ખાન બાદ હવે વોશિંગ્ટન સુંદર પણ ટેસ્ટ ટીમથી બહાર થઇ ગયો હતો. વોશિંગ્ટન સુંદરની આંગળીમાં ફ્રેક્ચર થયું હોવાથી તેને ટેસ્ટ ટીમમાંથી બહાર થવું પડ્યું છે. વોશિંગ્ટન ત્રીજો ખેલાડી છે, જેને ટેસ્ટ ટીમમાંથી બહાર થવું પડ્યું છે. આ અગાઉ અવેશ ખાનને અંગૂઠામાં ઇજા થઇ હતી અને શુભમન ગીલને પણ ઘૂંટણમાં ઇજા થઇ હતી અને બંનેને ટેસ્ટ ટીમની બહાર જવું પડ્યું હતું. શ્રીલંકા સામેની ભારતની સીરિઝ પૂરી થયા બાદ નવદીપ સૈની અથવા ભુવનેશ્વર કુમારમાંથી કોણ ઇંગ્લેન્ડ સામેની સીરિઝ રમવા જશે તે જાણવું રસપ્રદ થઇ રહેશે. ટીમ ઇન્ડિયા ચાર ઑગસ્ટથી ઇંગ્લેન્ડ સામે પાંચ મેચની સીરિઝ રમશે. (પીટીઆઇ)■